પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨૧ | ૨ ફેબ્રુઆરી, ૨૦૨૧, મંગળવાર; પોષ વદ - ૫ | પાનાં - ૧૦ કિંમત રૂ. ૨.૦૦

# અંદાજપત્રમાં કરદાતાને કોઈ રાહત નહિ

**હેલ્થ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કેન્દ્રીત બજેટમાં : દેશનું પ્રથમ પેપરલેસ બજેટ રજૂ કરતા નિર્મલા સીતારમણ : કેન્દ્રીય બજેટમાં ૩૫ હજાર કરોડ રુપિયા કોરોના વેક્સિનેશન માટે ફાળવાયા, હેલ્થ સેક્ટર પાછળ કુલ ૨.૨૩ લાખ કરોડ રુપિયા ફાળવવામાં આવ્યા**

નવી દિલ્હી, તા. ૧

કોરોનાકાળ બાદનું તેમજ ૨૦૨૧ના દાયકાનું સૌપ્રથમ બજેટ આજે નાણાંમંત્રી નિર્મલા સિતારમણે રજૂ કરી દીધું છે. આ બજેટમાં સરકારે હેલ્થ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ્સું ધ્યાન આપ્યું છે, પરંતુ જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવી આઈટી સ્લેબમાં ફેરફાર તેમજ ૮૦સી હેઠળ મળતી છૂટનો કોઈ ઉલ્લેખ પણ ના કરી નાણાંમંત્રીએ મધ્યમ વર્ગને નિરાશ કર્યો છે. જો આ રાહત મળી હોત તો અર્થતંત્રમાં વધુ રુપિયો ફરતો થવાની શક્યતા હતી, પરંતુ નાણાંમંત્રીએ પગારદાર વર્ગને રાહત આપવાનું ટાળ્યું છે. જોકે, પેન્શન અથવા વ્યાજની આવક પર નભતા ૭૫ વર્ષથી વધુ વયના નાગરિકોને ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

એક તરફ, પેટ્રોલ અને ડીઝલના ભાવ સરકારના આકરા કરવેરાને કારણે હાલ આસમાને પહોંચ્યા છે, તેવામાં તેમાં કોઈ રાહત આપવાને બદલે નાણાંમંત્રીએ પેટ્રોલ પર રુ. ૨.૫૦ અને ડીઝલ પર રુ. ૪નો ફાર્મ સેસ લેવાની દરખાસ્ત કરતાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઓર વધે તેવી શક્યતા છે.

સરકારે આ વખતના બજેટમાં આરોગ્ય સેવાઓ પાછળ થતાં ખર્ચને વધાર્યો છે, અને ૩૫ હજાર કરોડ રુપિયા કોરોના વેક્સિનેશન માટે ફાળવવામાં આવ્યા છે. હેલ્થ સેક્ટર પાછળ કુલ ૨.૨૩ લાખ કરોડ રુપિયા ફાળવવામાં આવ્યા છે. જે ગત વર્ષ કરતાં ૧૩૭ ટકા વધુ છે. સરકાર નવી હોસ્પિટલો ઉભી કરવા ઉપરાંત હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ બહેતર બનાવવાનું આયોજન ધરાવે છે તેમ પણ નાણાંમંત્રીએ જણાવ્યું હતું. કોરોનાના રસીકરણ માટે નાણાંમંત્રીએ જરુર પડ્યે વેક્સિનેશન માટે વધુ ભંડોળ ફાળવવાની પણ તૈયારી બતાવી છે.

અર્થતંત્રને દોડતું કરવા માટે સરકાર ૩૪.૮ લાખ કરોડ રુપિયા ખર્ચ કરશે તેવો નાણાંમંત્રીએ પોતાની બજેટ સ્પીચમાં ઉલ્લેખ કર્યો છે. જેના કારણે રાજકોષીય ખાધનો લક્ષ્યાંક પણ જીડીપીના પ્રમાણમાં વધારીને ૯.૫ ટકા કરવામાં આવ્યો છે. તેના માટે સરકારને જંગી દેવું પણ કરવું પડશે. બજેટમાં કુલ ખર્ચ વધીને ૩૪.૫૦ લાખ કરોડની આસપાસ રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે જ ૨૦૨૫-૨૬ સુધીમાં રાજકોષિય ખાધ જીડીપીના ૫ ટકા સુધી લાવવાનો પણ સરકારે નિર્ધાર વ્યક્ત કર્યો છે.

સરકારી કંપનીઓમાં પોતાનો હિસ્સો વેચીને મોટી રકમ ઉભું કરવાનું વલણ સરકારે આ બજેટમાં પણ યથાવત રાખ્યું છે. નાણાંમંત્રીએ પોતાની બજેટ

● અનુસંધાન પાન-૯ પર



## રૂપિયો ક્યાંથી આવશે અને ક્યાં ખર્ચાશે....

| રૂપિયો ક્યાંથી આવશે | ટકા |
|---|---|
| બોરોવિંગ્સ એન્ડ અધર લાઈબિલીટીસ | ૩૬ |
| નોન ડેબ્ટ કેપિટલ | ૦૫ |
| નોન ટેક્સ રેવેન્યુ | ૦૬ |
| ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ | ૧૫ |
| યુનિયન એક્સાઇઝ ડ્યુટી | ૦૮ |
| કસ્ટમ્સ | ૦૩ |
| ઇન્કમટેક્સ | ૧૪ |
| કોર્પોરેશન ટેક્સ | ૧૩ |

| રૂપિયો ક્યાં જશે | ટકા |
|---|---|
| અન્ય એક્સપેન્ડિચર | ૧૦ |
| પેન્શન | ૦૫ |
| સ્ટેટ્સ શેર ઓફ ટેક્સિસ એન્ડ ડ્યુટી | ૧૬ |
| ફાઈનાન્સ કમિશન એન્ડ અધર ટ્રાન્સફર્સ | ૧૦ |
| સબસિડીસ | ૦૯ |
| ડિફેન્સ | ૦૮ |
| ઇન્ટ્રેસ્ટ પેમેન્ટ્સ | ૨૦ |
| સેન્ટ્રલ સેક્ટર સ્કીમ | ૧૩ |
| સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ | ૯ |

## ૭૫ વર્ષથી વધુના કરદાતાને રિટર્ન ભરવામાંથી મુક્તિ

નવી દિલ્હી, તા. ૧

નાણાં મંત્રી નિર્મલા સીતારમને આજે બજેટ ૨૦૨૧-૨૨ રજૂ કર્યો. ટેક્સ ભરનારા કરદાતાઓને આ વખતે પણ બજેટમાં કંઈ ખાસ મળ્યું નથી. નાણાં મંત્રી દ્વારા ટેક્સ સ્લેબમાં કોઈપણ ફેરફાર કરવામાં આવ્યા નથી.

સાથે જ નાણાં મંત્રી નિર્મલા સીતારમને સીનિયર સિટીજન માટે સ્પેશિયલ જાહેરાત કરી. ૭૫ વર્ષથી વધુ વયના સીનિયર સિટીજનને હવે ટેક્સમાં રાહત આપવામાં આવી છે. હવે ૭૫ વર્ષથી વધુ ઉંમરવાળાને આઈટીઆર નહીં ભરવું પડે. જો કે, આ માત્ર પેન્શન લેનારાઓને લાભ મળશે.

નિર્મલા સીતારમને કહ્યું કે, એનઆરઆઈ લોકોને ટેક્સ ભરવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હતી, પરંતુ આ વખતે તેમને ડબલ ટેક્સ સિસ્ટમમાંથી છૂટ આપવામાં આવી રહી છે. સાથે જ તેમણે કહ્યું કે, સ્ટાર્ટ અપને જે ટેક્સ આપવામાં શરૂઆતમાં છૂટ આપવામાં આવી હતી, હવે તેને ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી વધારવામાં આવી છે.

## બેંક ડૂબશે તો થાપણદારોને ૫ લાખ રૂપિયાનું કવચ

ન્યુ દિલ્હી,તા.૧

કેન્દ્ર સરકારે બજેટ ૨૦૨૧ માં બેંકોના ખરાબ દેવાઓને મેનેજ કરવા માટે એક કંપની બનાવવાની જાહેરાત કરી છે. તેમજ કેન્દ્ર સરકારે બેંક ખાતા ધારકોને મોટી રાહત આપી છે, કેન્દ્ર સરકારે વીમાની રકમ ૧ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ કરી દીધી છે. મતલબ કે જો તમે તમારા પૈસા બેંકમાં રાખશો, તો તમને ૫ લાખ રૂપિયા મળી શકશે. એટલે કે, બેંકો બંધ થવા પર ગ્રાહકોને મળતું નુકસાન ચૂકવી શકાય છે. અગાઉ બેંકમાં રાખેલા પૈસાનો વીમો એક લાખ રૂપિયા હતો, પરંતુ સરકારે તેમાં વધારો કર્યો છે. તે જ સમયે, સરકાર બેંકોના ખરાબ દેવાઓને મેનેજ કરવા માટે એક કંપની બનાવશે. આ સાથે નાણાં પ્રધાને બેંકોના પુનઃ પુંજીકરણ માટે ૨૦ હજાર કરોડની બજેટ જોગવાઈ કરી છે. તેમણે કહ્યું કે સરકાર બેંકોને ૨૦ હજાર કરોડની મૂડી પૂરી પાડશે.

## જાન્યુઆરીમાં રેકોર્ડ ૧.૨૦ લાખ કરોડનું જીએસટી કલેક્શન થયું

ન્યુ દિલ્હી,તા.૧

જીએસટીની વસૂલાત પર કોરોના મહામારી અસરનો અંત આવી ગયો છે. હવે એના મારફત થતી કમાણીએ ઝડપ પકડી છે. જાન્યુઆરીમાં સરકારને જીએસટીથી સૌથી વધારે આશરે ૧.૨ લાખ કરોડ રૂપિયાની કમાણી થઈ છે. આ ડિસેમ્બરની રૂપિયા ૧.૧૫ લાખ કરોડની રેકોર્ડ કમાણી થઈ છે, જ્યારે ગયા વર્ષની તુલનામાં એ ૮ ટકા વધારે છે.

છેલ્લા ૪ મહિનાથી સરકાર જીએસટીથી રૂપિયા ૧ લાખ કરોડ કરતાં વધારે આવક મેળવી રહી છે. સરકારે કહ્યું હતું કે બનાવટી બિલ અટકાવવાની કવાયત, જીએસટી, ઈક્મ ટેક્સ અને કસ્ટમ આઈટી સિસ્ટમના ડેટાનું વિશ્લેષણ તથા અધિકારીઓનાં કડક પગલાંને લીધે છેલ્લા કેટલાક મહિનાથી વસૂલાતમાં વધારો થઈ રહ્યો છે.

સરકારે કહ્યું હતું કે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ની સાંજે ૬ વાગ્યા સુધીમાં મહિનાભરની વસૂલાત ૧ લાખ ૧૯ હજાર ૮૪૭ કરોડ રૂપિયા થઈ છે. એમાંથી સીજીએસટી વસૂલાતનો હિસ્સો ૨૧ હજાર ૯૨૩ કરોડ રૂપિયા છે અને એસજીએસટી વસૂલાતનો હિસ્સો રૂપિયા ૨૯ હજાર ૦૧૪ કરોડ રૂપિયા રહ્યો છે. આઈજીએસટી વસૂલાતનો હિસ્સો ૬૦ હજાર ૨૮૮ કરોડ રૂપિયા રહ્યો છે.

એમાં રૂપિયા ૨૭ હજાર ૪૨૪ કરોડની વસૂલાત આયાતી વસ્તુઓથી થઈ છે. સેસથી રૂપિયા ૮ હજાર ૬૨૨ કરોડની જ્યારે આયાતી વસ્તુથી મેળવેલ રૂપિયા ૮૮૩ કરોડ રૂપિયાની સેસ વસૂલીનો પણ સમાવેશ થાય છે.

જાન્યુઆરી મહિનામાં ૩૧ જાન્યુઆરી,૨૦૨૧ સુધી કુલ ૯૦ લાખ જીએસઆરટી-૩બી રિટર્ન દાખલ કરવામાં આવ્યા છે. સરકારે રેગ્યુલર સેટલમેન્ટ સ્વરૂપમાં આઈજીએસટીથી એસજીએસટીમાં ૨૪ હજાર ૫૩૧ કરોડ રૂપિયાના અને એસજીએસટીમાં ૧૯ હજાર ૩૭૧ કરોડ રૂપિયાનું સેટલમેન્ટ કરવામાં આવ્યુ છે.

# બજેટથી શેરબજાર ખુશખુશાલ

**સેન્સેક્સમાં ઐતિહાસિક ૨૩૧૪ અંકનો ઉછાળો : થોડા જ કલાકોમાં રોકાણકારોએ ૪ લાખથી વધુની કમાણી કરી**

મુંબઈ,તા.૧

નાણાં પ્રધાને કરેલી બજેટની જાહેરાત બાદ આજે રોકાણકારોની ચાંદી થઈ ગઈ છે. જેમાં બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ વધીને ૧,૯૦,૩૫,૩૩૫.૮૯ કરોડ થઈ છે. જ્યારે શુક્રવારે તે ૧,૮૬,૧૨,૬૪૪.૦૩ કરોડ હતી. એટલે કે, થોડા કલાકોમાં રોકાણકારોની સંપત્તિમાં ૪ લાખ કરોડથી વધુનો વધારો થયો છે.

શેરબજારમાં આજે ખુશીનો માહોલ જોવા મળ્યો છે. જેમાં સેન્સેક્સ +૨,૩૧૪.૮૪ પોઈન્ટ એટલે ૫.00% ટકાના ઉછાળા સાથે ૪૮,૬૦૦.૬૧ પર આગળ વધી બંધ રહ્યો છે. તેમજ નિફ્ટી +૬૪૬.૬૦ પોઈન્ટ એટલે ૪.૭૪% ટકાના વધારા સાથે ૧૪,૨૮૧.૨૦ પર બંધ રહી છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સંસદમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યું છે. નિર્મલા સીતારમણનું આ ત્રીજુ બજેટ દેશના અર્થતંત્ર માટે ખૂબ મહત્વનું છે. બજેટથી શેરબજારમાં ઉછાળા આવ્યો છે. નિર્મલા સીતારમણના બજેટ પર ભાષણ દરમિયાન શેર?બજારમાં ઉછાળો આવવાનો શરૂ થઈ ગયો હતો. આજે સેન્સકસ અને નિફ્ટી બંને ઈન્ડેક્સમાં સારી ખરીદી જોવા મળી છે. સેન્સેક્સ ૨,૩૧૪ પોઈન્ટની વૃદ્ધિ સાથે ૪૮,૬૦૦.૬૧ પર બંધ થયો છે. ઉપરાંત નિફ્ટી ૧૪,૨૮૧.૨૦



ની લેવલ પર છે.

સેન્સેક્સ પર ઈન્ડસઈન્ડ બેક્ક, આઈસીઆઈસી બેક્ક, બજાજ ફાઈસર્વ, એસબીઆઈ, એચડીએફસી સહિતના શેર વધીને બંધ થયા હતા. ઈન્ડસઈન્ડ બેક્ક ૧૭.૭૫ ટકા વધી ૯૭૧.૧૦ પર બંધ થયો હતો. જ્યારે આઈસીઆઈસી બેક્ક ૧૨.૪૭ ટકા વધી ૬૦૩.૯૫ પર બંધ થયો હતો. જોકે ડો.રેડ્ડી લેબ્સ, ટેક મહિન્દ્રા, એચયુએલ સહિતના શેર ઘટીને બંધ રહ્યા હતા.

# OTT પ્લેટફોર્મ નિયમન માટે ટૂંકમાં ગાઈડલાઈન્સ

**કેન્દ્ર સરકારે વેબ સીરિઝ (Web Series)નાં કન્ટેન્ટ અંગે વધતા વિવાદનો સ્થાયી સમધાન કરવાનો નિર્ણય કર્યો છે : કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાસ જાવડેકર**

નવી દિલ્હી,તા.૧

કેન્દ્ર સરકારે વેબ સીરીઝનાં કન્ટેન્ટ અંગે વધતા વિવાદનું સ્થાયી સમાધાન કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ઁ પ્લેટફર્મ અને ઓનલાઈન સ્ટ્રીમિંગ કન્ટેન્ટનાં નિયમનની વ્યવસ્થા કરવાં જ રેગ્લુલેશનની ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે.

કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, મંત્રાલય બાદ જલ્દી જ ઓવર ધ ટોપ પ્લેટફર્મ માટે દિશા-નિર્દેશ જાહેર કરશે. કારણ અહીં જોવા મળતી કેલીક સીરીઝ વિરુદ્ધ ઘણી બધી ફરિયાદ મળી છે. હાલમાં જ તાંડવ વેબ સીરિઝ, મિર્ઝાપૂર વેબ સીરિઝ બાદ OTT પર રિલીઝ કરવામાં આવી છે. ફિલ્મ 'અ સૂટેડબલ બોય' અંગે પણ ઘણો વિવાદ થયો હતો તેનાં વિરુદ્ધ પણ ઘણાં કેસ દાખલ કરવામાં આવ્યાં છે.

જાવડેકરે મીડિયા કર્મીઓ સાથે વાત કરતાં કહ્યુ કે, અમને



OTT પ્લેટફર્મ પર હાજર કેટલીક વેબ સીરિઝ વિરુદ્ધ ઘણી બધી ફરિયાદ મળી છે. ઓટીટી પ્લેટફર્મ પર રિલીઝ ફિલ્મ અને સીરિયલ્સ ડિજિટલ સમાચાર પત્ર, કેબલ ટેલીવિજન નેટવર્ક્સ (રેગ્યુલેશન) એક્ટ કે સેન્સર બોર્ડનાં દાયરામાં નથી આવતી. જલ્દી જ આ તમામનાં દિશા નિયમ માટે કેટલાંક ખાસ દિશા-નિર્દેશ જાહેર કરવામાં આવશે. મંત્રી તેમ પણ જાહેરાત કરી છે કે, ૧ફેબ્રુઆરીથી સિનેમાહોલમાં સંપૂર્ણ સીટ ભરવાની અનુમતિ આપવામાં આવી છે. પણ આ સાથે જ કોવિડ ૧૯ સંબંધિત તમામ પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે.

OTT પ્લેટફર્મ પર સામગ્રીએ હાલમાં વિવાદને જન્મ આપ્યો છે. જેને કારણે વિવાદ થયો તે કાર્યક્રમનાં નિર્માતાઓને લાભ મળી રહ્યો છે.ઉત્તર પ્રદેશનાં લખનઉ, ગ્રેટર નોએડા અને શાહજહાંપુરમાં ત્રણ FIR દાખલ કરવામાં આવી છે.

મધ્યપ્રદેશમાં બે અને કર્ણાટક અને બિહારમાં એક એક FIR દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત ઓછામાં ઓછા ત્રણ અન્ય આપરાધિક મામલા મહારાષ્ટ્ર દિલ્હી અને ચંદીગઢમાં પણ નોંધાયા છે.

## દિલ્હી ટ્રેક્ટર પરેડ હિંસા બાદ ૧૦૦થી વધારે લોકો ગાયબ

નવી દિલ્હી,તા.૧

ખેડૂત સંઘોના સંગઠન સંયુક્ત કિસાન મોરચાએ દાવો કર્યો હતો કે ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસે ટ્રેક્ટર પરેડ દરમિયાન થયેલી હિંસા બાદ ૧૦૦થી વધુ લોકો ગુમ થયા છે અને આ અંગે તપાસ કરવા માટે ૬ સભ્યોની કમિટીની રચના પણ કરવામાં આવી છે. એક નિવેદનમાં જણાવાયું છે કે સંયુક્ત કિસાન મોરચો ગુમ થયેલ લોકોની માહિતી એકઠી કરશે અને આ મામલાને ઔપચારિક કાર્યવાહી માટે અધિકારીઓ સમક્ષ ઉઠાવવામાં આવશે. તેમણે કહ્યું કે ગુમ થયેલ લોકો વિશેની કોઈપણ માહિતી ૮૧૯૮૦૨૨૦૩૩ ફોન નંબર પર શેર કરી શકાય છે.

૨૬ જાન્યુઆરીએ ખેડૂત યુનિયનોની ટ્રેક્ટર પરેડ દરમિયાન ત્રણ નવા કૃષિ કાયદા પાછા ખેંચવાની માંગ સાથે હજારો પ્રદર્શનકારીઓએ પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું. આ સમય દરમિયાન ઘણા વાહનો પલટી ગયા અને ઐતિહાસિક લાલ કિલ્લા પર પ્રદર્શનકારીઓએ ધાર્મિક ઝંડો ફરકાવ્યો હતો. આ દરમિયાન દિલ્હીમાં ઘણી જગ્યાએ અથડામણ થઈ હતી, જે થોડીવારમાં હિંસામાં ફેરવાઈ ગઈ હતી.




## મ્યાન્મારમાં તખ્તાપલટ : આંગ સાન સૂ કીની અટકાયત કરાઈ

**સેનાએ એક વર્ષ માટે કટોકટી પણ લાગુ કરી : મ્યાન્માર સેનાનું કહેવું છે કે ચૂંટણીમાં ગેરરીતીના લીધે તખ્તાપલટની કાર્યવાહી થઈ : રાષ્ટ્રપતિની પણ અટકાયત**

નવી દિલ્હી,તા.૧

મ્યાન્મારમાં સેનાએ દેશના નેતા આંગ સાંગ સૂ કી અને રાષ્ટ્રપતિ યુ વિન મ્યિન્ટને અટકાયતમાં લીધા છે. સત્તાધારી પાર્ટી NLD ના પ્રવકતાએ આ જાણકારી આપી. NLD ના પ્રવકતા મયો ન્યૂન્ટે કહ્યું કે રાષ્ટ્રપતિ આંગ સાંગ સૂ કી અને પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓને સેનાએ સોમવારે દરોડાની કાર્યવાહી બાદ અટકાયતમાં લીધા છે. તેમણે કહ્યું કે સવાર સવારમાં આંગ સાંગ સૂ કી અને અન્ય

● અનુસંધાન પાન-૯ પર

